## ૬.૮ દોષો અને પાપોનો પ્રસાર અઢાર પ્રકારે

### અઢાર પાપસ્થાનકના ચિત્રો




પ્રજ્ઞા નિધાન મહાપુરૂષોએ જીવનનાં અનેકવિધ અનુભવોથી સંસારમાં એકવાત સ્પષ્ટ જણાવી છે કે જગતમાં જે કાંઈપણ સુખ દેખાય છે તેનું કારણ ધર્મ છે અને જે કાંઈ પણ દુ:ખ દેખાય છે તેનું કારણ પાપ છે માટે સુખના અભિલાષી આત્માઓએ પાપ કરવું નહિં કરાવવું પણ નહિં અને કરતાં હોય તેની અનુમોદના પણ કરવી નહિં.

## સુખં ધર્માત્ દુ:ખં પાપાત્

સારા કર્મો (કાર્યો) કરીએ તો પુન્ય બંધાય છે અને ખરાબ કર્મો કરીએ તો પાપો બંધાય છે. જીવને પુન્ય કર્મથી જીવનમાં સુખ આવે છે અને પાપ કર્મથી જીવનમાં દુ:ખ આવે છે તો પ્રશ્ન એ થાય છે કે આ પાપ ઉદ્ભવે છે ક્યાંથી ? પાપ લાવે છે કોણ ?

ઘણી વખત વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે જીવને ન કરવાના કાર્યો પણ બહુ સહજતાથી થઈ જતાં હોય છે ખોટું-ખરાબ કામ અનિચ્છાએ પણ કરવું પડતું હોય છે અને પછી પસ્તાવો કરવા છતાં પણ તેના ફળો ભોગવવા પડતાં હોય છે તેનાં કરતાં ડાહ્યા માણસોનું કર્તવ્ય એ છે કે થોડીક સમજ, થોડોક સંયમ અને થોડીક ધીરજ રાખે તો ઘણા બધા દુ:ખો, પાપો અને અનિષ્ટોથી બચી જવાય છે.

પાપને ઉદ્ભવ થવાના ૧૮ સ્થાનકો જ્ઞાની પુરૂષોએ બતાવ્યાં છે. તે સ્થાનો ઉપર જો ધ્યાન રખાય તો તેના ૮૨ પ્રકારનાં પાપના ફળોમાંથી જીવ બચી જાય છે.

૧) પ્રાણાતિપાત (હિંસા):- પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આદિ સર્વમાં પણ જીવ છે અને બીજા પણ ત્રસ કહેતાં મોટા પ્રાણીઓ છે એ છ જીવનિકાય કહેવાય છે. તો કોઈપણ જીવને, પ્રાણીને માર મારવો, બંધનમાં નાંખવું, અંગોપાંગ છેદી નાંખવા, ભુખ્યા-તરસ્યા રાખવા, માનસિક ત્રાસ આપવો અને પીડા ઉપજે તેવી જાણે અજાણે પ્રવૃતિ કરવી તે હિંસા કહેવાય છે.

૨) મૃષાવાદ (અસત્ય બોલવું):- એક જૂઠું બોલવા પાછળ માણસને અનેક જૂઠ બોલવાં પડે છે, અસત્ય વ્યવહાર એ મોટામાં મોટું પાપ છે. એ બોલવાથી બીજાને અપ્રિય પણ થવાય છે. આપણી વાતમાં કોઈને વિશ્વાસ બેસતો નથી અને ક્યારેક અપમાનિત પણ થવું પડે છે.

3) અદત્તાદાન (ચોરી કરવી):- ચોરી કરવી એ તો મનુષ્ય વિરૂદ્ધનો ધર્મ છે. અત્યારે ચોરી કર્યા વગર જીવાય નહિં તેવી અનેક મિથ્યા ભ્રમણાઓ રાખીને જીવ સહજતાથી ચોરી કરતો હોય છે. ૧) સ્વયં ચોરી કરનાર, ૨) બીજાને ચોરી કરાવનાર, 3) સલાહ આપનાર, ૪) ચોરીનો ભેદ જાણનાર, ૫) ચોરેલી વસ્તુ વેચનાર, ૬) ચોરને આશ્રય આપનાર અને ૭) ચોરને અન્નપાણી આપનાર એમ સાત પ્રકારના ચોરો બતાવ્યા છે. અને એક કહેવત છે કે, 'ચોરીનું ચંડાલે જાય પાપી હાથ ઘસતો જાય' પારકા માલથી પૈસાદાર થવાનો મોહ છોડી પ્રામાણિકતા રાખનાર હકિકતે સુખી થાય છે.

૪) મૈથુન (અબ્રહ્મનું સેવન કરવું):- જ્ઞાની ભગવંતોએ મૈથુનના સેવનમાં નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિય જીવોની હત્યા બતાવી છે. બીજા અસંખ્યાતા વિકલેન્દ્રિય જીવો (સૂક્ષ્મ) પણ મરી જાય છે અને અગ્નિથી તપેલાં લોઢાના થાંભલાને કોઈ માણસ આલિંગન આપે તેના કરતાં પણ વધારે દુ:ખ મૈથુનના સેવનમાં બતાવ્યું છે. પાપના મોટા પ્રવાહને ઘણા અંશે અટકાવવા મૈથુનનો ત્યાગ કરવો જરૂરી છે.

jainuniversity.org

૫) પરિગ્રહ (ભેગું કરી રાખવાની વૃતિ):– જીવને લેવું ગમે છે પણ આપવું ગમતું નથી પછી એ બાળક હોય કે વૃદ્ધ હોય. ઘણાં ભારથી ભરેલું મોટું વહાણ પણ સમુદ્રમાં ડુબી જાય છે તેમ પરિગ્રહના ભારથી પણ પ્રાણી સંસારમાં ડુબી જાય છે. પરિગ્રહના નવ પ્રકાર બતાવ્યા છે. ૧) ધન, ૨) ધાન્ય, ૩) ક્ષેત્ર (જગ્યા), ૪) વાસ્તુ, ૫) ચાંદી, ૬) સોનું, ૭) કુપ્ય, ૮) બે પગવાળા પ્રાણી અને ૯) ચાર પગવાળા પ્રાણી. ફક્ત ધનનો જ પરિગ્રહ પાપ બંધાવે તેવું નથી પરંતુ તેની માન્યતા કે વિચારોની મૂર્છા પણ અનંતા પાપ બંધાવે છે. જ્યારે આ નવ પ્રકારના પરિગ્રહનું પ્રમાણ મોટાપાપ પ્રવાહને રોકે છે.

૬) ક્રોધ:– ક્રોધને તો અગ્નિ જેવો કહ્યો છે, પોતે પણ બળે અને બીજાનેય બાળે. ક્રોધ માન, માયા અને લોભ એ ચારેયને સંસારના મોટા દોષો કહ્યા છે. ક્રોધની ભાષા, વ્યવહાર, વિચાર, વર્તન અને તેનું પરિણામ સમાજમાં અનેકને અશાંતિનું અને દુ:ખનું કારણ બને છે.

૭) માન (અહંકાર):– સર્વ દોષો અને પાપોનો બેતાજ બાદશાહ છે બધા ગુણોને ખાઈ જાય છે અને તેનો પડછાયો લેનાર વ્યક્તિ પણ દુ:ખી બન્યા વગર રહેતો નથી.

૮) માયા:– કુળ, કપટ, છેતરપીંડી, જૂઠ જે પરિવારના સભ્યો ગણાય છે. જે ઝડપથી ઓળખાતી નથી અને જે પોતાના સ્વાર્થને જ શોધે છે, બીજાના હિત અહિતનો વિચાર કરતી નથી.

૯) લોભ:– લોભ એ સર્વ પાપનો બાપ છે ગમે તેટલું મળવા છતા પણ જેને સંતોષ થતો નથી.

૧૦) રાગ:– જડ અને ચેતન વસ્તુઓ પ્રત્યેની આસક્તિ, મમતા અનેક પાપ કર્મો કરવા માટે જીવને બળાત્કારે ખેંચી જાય છે અને મજાની વાત તો એ છે કે આમાં જીવને કશું જ ખોટું કે ખરાબ લાગતું નથી જે હકીકતે જીવને સંસારમાં પરિભ્રમણ જ કરાવે છે.

૧૧) દ્વેષ:– કોઈપણ જીવ પ્રત્યે અરૂચિ, અપ્રિતી, અણગમો પેદા કરવો તેને દ્વેષ કહેવાય છે. જ્યાં રાગ છે ત્યાં આગ છે. આવેશ અને આવેગનો જન્મ દ્વેષમાંથી થાય છે. જેના કડવા ફળો અનેકને દઝાડે છે અને પોતાને પણ સતત અશાંત રાખે છે.

૧૨) કલહ:– કજિયો, કંકાસ, ઝઘડા કરવા તે કલહ છે. આ કલહથી ક્યારેક જાનહાની માનહાની અને માલહાની પણ થાય છે. થોડુંક સહન કરીને પણ મૌન રહેવામાં જ લાભ છે.

૧૩) અભ્યાખ્યાન:– કોઈ જીવ ઉપર આળ ચડાવવી, આક્ષેપ કરવો, ખોટા અનુમાનો કરી બીજાને જ દોષિત ગણવો તે અભ્યાખ્યાન છે. નાની મોટી દરેક વાતમાં હંમેશા આપણે બીજાનો જ દોષ જોઈએ છીએ અને સતત આપણે આપણી જાતે દુ:ખી થતાં હોઈએ છીએ.

૧૪) પૈશુન્ય:– કોઈની ગુપ્ત વાતોને પ્રગટ કરી દેવી, ચાડી ચુગલી કરવી અને પરસ્પર બીજાને લડતા ઝઘડતા કરવા તેમાં માનસિક ફોગટ આનંદ અથવા તો વેર વાળ્યાની દેખાડી દેવાની વૃતિ તે પૈશુન્ય છે જે જીવને સતત અજંપામાં, અશાંતિમાં રાખે છે અને ભારે થાય છે.

jainuniversity.org

૧૫) રતિ–અરતિઃ– રતિ એટલે ખુશીની લાગણી અરતિ એટલે નારાજીની લાગણી. સારૂં મળે એટલે જીવ રાજી–રાજી થાય અને સહેજ પ્રતિકુળ થાય એટલે ચિંતાનું પોટલું માથે ચડાવે જે રતિ અરતિનું કામ જીવને દુ:ખી જ કરવાનું હકીકતે બને છે.

૧૬) પરપરિવાદ:– પર એટલે બીજા, પરિવાદ એટલે નિંદા. બીજાના છતા અછતા દોષો હોય કે ન હોય તે સતત બોલ્યા કરવા તેનાથી પોતાના સઘળા પુન્યો બળીને ખાખ થાય છે. અને પાપો ઢગલાબંધ બંધાય છે આ એક હલકી મનોવૃતિ છે જેનાથી વહેલી તકે મુક્ત થવું.

૧૭) માયા મૃષાવાદ:– બહુ સિફ્ત પૂર્વક બીજાને સાચું લાગે તે રીતે હળાહળ જૂઠું બોલવું અને સત્યતાનો દેખાવ કરવો તે માયા પોતે ભયંકર છે અને જૂઠું સાથે ભળે એટલે કડવી તુંબડીમાં ઝેરનો વઘાર કરવા જેવું થાય. આ દોષ આપણને કોઠે પડી ગયો હોય તેમ સહેજ પણ તેની ચિંતા રહેતી નથી પરંતુ આ સંપૂર્ણ જીવનને પાયમાલ કરે છે.

૧૮) મિથ્યાત્વશલ્ય:– મિથ્યા એટલે ખોટી અર્થ વગરની ફોગટ આત્મા સિવાયની  વૃતિ પ્રવૃતિ કેળવવી તે મિથ્યાત્વશલ્ય. આ સત્તર પાપનો બાપ ગણાય છે. આનાથી સંસાર અટક્યા વગર એકધારો ચાલ્યા જ કરે છે. જેટલા બીજા દોષો અને પાપો જીવને હેરાન કરે છે તેના કરતાં આ એક જ પાપ જીવને બેભાન અવસ્થામાં પણ હેરાન પરેશાન કરે છે.

## ઉપસંહાર

આ ભવમાં અને પરભવમાં ખરેખર આપણે આપણું હિત ચાહતા હોઇએ આપણે દુર્ગતિમાં જવાની ઇચ્છા ન રાખતા હોઇએ, સુખ શાંતિ ધર્મ આરાધના સમતા અને શાંતિ પૂર્વક સંસારનો અંત લાવવા માગતા હોઇએ તો પ્રામાણિકપણે આપણે આપણી જાતને ઉપરના પાપો અને દોષોને દૂર કરવા માટે પૂરો પ્રયત્ન કરવો જોઇએ. અમુક નિયમો લઇને પાપોને હળવા કરવા જોઇએ, ગુરૂદેવ પાસે જઇને પાપોનો એકરાર કરવો જોઇએ તેનું પ્રાયશ્ચિત કરવાથી કર્મના ભારથી હળવા બનાય છે.

jainuniversity.org